

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કર્તવ્ય ને નિષ્ઠા સહ જીવનનું મૂલ્ય છે.*
*સ્વાર્થે ખાવું-પીવું એ જીવન પશુતૂલ્ય છે.*
*અમૂલ્ય જીવન, અન્ય માટે ઘસાઈ જાઓ.*
*પરોપકારી જીવન સર્વમાં અતૂલ્ય છે...*

**હાઈકુ**

*ધર્મ એટલે -*
*સેવા પરમો ધર્મ*
*જીવન મર્મ...*

*સિદ્ધાંત - વાદી,*
*કર્તવ્ય પરાયણ*
*એ જ જીવન...*

### ચિંતન

**યોડર્થજ્ઞ ઈત્સકલં ભદ્રમશ્નુતે નાકમેતિ જ્ઞાનવિધૂતપાપ્મા ।**

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

જે વેદના અર્થને જાણે છે, તે અર્થજ્ઞ જ્ઞાન દ્વારા પાપને નષ્ટ કરીને સર્વ પ્રકારના કલ્યાણને પામે છે અને પરમ તત્ત્વને પામે છે. વેદાર્થ જ્ઞાનનો આવો મહિમા છે.

વેદાર્થજ્ઞાનની જેમ વેદમંત્રોનો યંજ્ઞમાં વિનિયોગ થાય, તેનો પણ મહિમા છે. વેદાર્થજ્ઞાન અને વૈદિક યજ્ઞ - આ બંને અન્યોન્ય પૂરક અને અન્યોન્ય સહાયક છે. યજ્ઞ દ્વારા જ્ઞાન પ્રાપ્ત થાય છે અને જ્ઞાન દ્વારા યજ્ઞ પરિપૂર્ણ બને છે. વેદના મંત્રોમાં રહસ્યાર્થ છે અને આ રહસ્યાર્થના જ્ઞાનનો ખૂબ મહિમા છે.

જે પુરુષ વેદનો માત્ર પાઠ કરે છે, પરંતુ તેનો અર્થ ને જાણતો નથી તે ભારવાહી પશુ સમાન છે. જે પુરુષ વેદજ્ઞ છે, તે સભાની શોભા છે. તે સૌને જ્ઞાનરૂપી શક્તિ પ્રદાન કરી શકે છે.

વેદોમાં કર્મ-ભક્તિ-જ્ઞાન-યોગ વગેરે સર્વ પ્રકારની ઉંડાણ પૂર્વક ચર્ચા જ્ઞાન છે. તેમાંથી બધુ જ જ્ઞાન પ્રાપ્ત કરી મન-ચિત્ત-આત્માને અનુકૂળ માર્ગનું હૃદયપૂર્વક અનુસરણ કરવું.

### સુવિચાર

- સંસારના વિચાર પેસી ગયા છે, એ પાછા કાઢી નાખે એ જ કેવળ જ્ઞાન!
  જેટલું લીધું એટલું પાછું દીધું તે જ કેવળ જ્ઞાન ! કેવળ જ્ઞાન એટલે લીધું એટલું પરત કરવું - **આપ્તસૂત્ર**
- સર્વજ્ઞાનનું ફળ આત્મસ્થિરતા, સર્વ અજ્ઞાનનું ફળ ચપળતા - **દાદા ભગવાન**
- પ્રતિષ્ઠા વિના પણ શ્રેષ્ઠતા શક્ય છે,
  પરંતુ કોઈ પણ પ્રકારની શ્રેષ્ઠતા વિના પ્રતિષ્ઠાનું અસ્તિત્વ શક્ય નથી - **હેલીફીક્સ**
- જ શ્રેષ્ઠ કાર્યોને છુપાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે
  તે કાર્યો સર્વાધિક સન્માન ને પાત્ર હોય છે - **નિકોલ મેન્ડિસ**
- 'સમય' કદી રજા ઉપર હોતો નથી - **સંત ઓગસ્ટિન**
- વિધેયાત્મક લાગણી જીવનને પોષે, ઘાતક લાગણી જીવનને હણે - **ડોબર્ની**
- આજનું ઔષધ : સુવાવડી સ્ત્રીને ખોરાકમાં જીરુ વધુ આપવાથી ધાવણ વધે છે તથા ગર્ભાશયની શુદ્ધિ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

માળવાનું રાજ્ય ત્યજીને મહારાજા ભરથરીએ ભેખ લીધો. એક દિવસ ગુરુને એમની પરિક્ષા કરવાનો વિચાર આવ્યો. ગુરુએ ભરથરીને આજ્ઞા કરી. 'તમે રાજસ્થાનના રણમાં પ્રવાસ કરો અને જેસલમેર પહોંચો.' ભરથરીને થયું, 'આવી આજ્ઞા શા માટે ? જયાં કોઈ તીર્થ નથી. કોઈ સંત નથી કે નથી કોઈ આશ્રમ એવા રણમાં પ્રવાસની આજ્ઞા?' ભરથરીએ સસ્મિત આજ્ઞા સ્વીકારી. તેમણે પોતાની કંથા ઉપાડી રણની મધ્યમાં પહોંચ્યા, પાણીનું નામનિશાન ન હતું. ધગધગતી રેતી નીચે અને ઉપર સૂર્ય પણ કોપાયમાન. આમ છતાં રણમાં પ્રવાસ ચાલુ હતો. એમની ઝોળી ફાટી ગઈ હતી, એને વિચાર આવ્યો કે જરા ઝોળી સાંધી લઉં. પણ રણમાં સાંધવાનું કંઈ મળે નહીં. કોઈ વણઝારાનો પડી ગયેલો કટાયેલો જૂનો સૂયો જડ્યો. આગળ જતા રેષા વાળો છોડ જોયો. જેનો તાંતણો બનાવી. સોયમાં પરોવા પ્રયાસ કર્યો. પણ સફળ થયા નહીં. શિષ્યને આવો પ્રવાસ કરવાની આજ્ઞા આપનાર ગુરુ પણ અંતરિક્ષમાં સાથે જ હતા. રાજાની આવી માઠી દશા જોઈ તે પ્રગટ થયા અને સામે એક સરોવર રચ્યું. કાંઠે ઘટાદાર વૃક્ષની છાંય પણ કરી. એકોક ભરથરીએ ગુરુને જોયા. ગુરુને પ્રણામ કર્યા. ગુરુને એમ હતું કે તાપથી વ્યાકુળ બનેલા ભરથરી વૃક્ષની છાંય નીચે બેસવા આવશે. પણ ભરથરી તો તાપમાં જ બેસી રહ્યા. ગુરુની ધીરજ ખૂટી. એમણે બૂમ પાડી. 'અરે ભરથરી, છાંયામાં આવી જાવ.' ભરથરીએ ગુરુ સામે જોયું અને કહ્યું, 'ગુરુદેવ, હવે તડકો શું અને છાયા શું ? એવો ભેદભાવ હવે હૃદયમાં નથી રહ્યો.' ગુરુએ કહ્યું, 'હવે તમે સંપૂર્ણ ત્યાગી બન્યા છો. હું પ્રસન્ન થયો છું, કંઈક માગો.' ભરથરી એ કહ્યું, 'મારે આ સોયમાં દોરો પરોવાઈ જાય એટલે ઘણું.' આ સાંભળીને ગુરુ ભરથરીને હર્ષભેર ભેટી પડ્યા. એ રણ ત્યારે ગુરુશિષ્યના મિલનથી નંદનભૂમિ બની ગયું.


# વિનાશ કાળે વિપરીત બુદ્ધિ

**તંત્રીસ્થાનેથી...**

પાકિસ્તાનને ચત્તુંપાટ ચીત કરી દીધા પછી પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી એની હવાઈ સ્પેશનો ઉપયોગ કરી ફ્રાંસથી ભારત પાછા ફર્યા ત્યારે એક તરફ ફ્રાંસ જેવી આંતરરાષ્ટ્રીય તાકાતથી લઈ આરબ દેશોમાં મોદી વિશ્વનેતાની પ્રતિષ્ઠા સાથે સ્વદેશ આવી સીધા મિત્ર અરુણ જેટલીના ઘરે સાંત્વના પાઠવવા પહોંચ્યા અને દિલ્હીના પ્રખ્યાત ક્રિકેટ સ્ટેડિયમનું 'ફિરોઝ શાહ કોટલા' નામ ભૂંસી 'અરૂણ જેટલી સ્ટેડિયમ' કરી નાખે છે ત્યારે લંડનમાં લોકોનો માર ખાનારા ઈમરાનખાન સરકારના મંત્રી ભારત સાથે નવેમ્બર - ડિસેમ્બરમાં અણુયુદ્ધની ગીદડધમકી આપે છે. બીજી તરફ ઝુલ્ફીકાર અલી ભુટ્ટોનાં સુપુત્રી બેનઝીર ભુટ્ટોના સુપુત્ર અને સિંધ રાજઘરાનાના વંશવારસ બિલાવલ ભુટ્ટો ઈમરાનખાનની સરકારને અત્યાર સુધીની સૌથી નબળી સરકાર કહી ઉતારી પાડે છે. તેઓ ઈમરાનખાનને પ્રજાના નેતા માનવા જ તૈયાર નથી. તેઓ એમને આર્મી દ્વારા બળજબરીપૂર્વક ઠોકી બેસાડેલા નેતા માને છે. ઈમરાનની સરકારને તેઓ 'સિલેક્ટર્સ' (આર્મી) દ્વારા 'સિલેકટેડ' સરકાર ગણાવે છે; એને આર્થિકથી લઈ દેશના સંરક્ષણ સહિત તમામ સ્તરે નિષ્ફળ ગયેલી સરકાર ગણે છે. બિલાવલના પિતા અને પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ 'મિસ્ટર ટેન પરસેન્ટ' તરીકે કુખ્યાત હતા. તેઓ અત્યારે લાંચરૂશ્વતના ગુના હેઠળ જેલ ભોગવી રહ્યા છે. એ જ રીતે 'શરીફ' રાજકારણીની પ્રતિષ્ઠા ધરાવતા પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ પણ પાકિસ્તાનની જેલમાં સામાન્ય કેદીની જેમ બાકીની જિંદગી પસાર કરી રહ્યા છે. વારાફરતી ભુટ્ટો અને શરીફ પરિવાર પાકિસ્તાન સરકારના વડા તરીકે ફરજ બજાવતા રહ્યા અને વચ્ચે કેટલાક બળવાખોર આર્મીના વડાઓ ચઢી બેઠા. અયુબખાન, ટિક્કાખાન, ઝિયા ઉલ હક અને છેલ્લે મિયાં મુશર્રફ. પાકિસ્તાનને લોકશાહી પચાવતાં આવડી જ નથી. ભારતમાં એ જ લોકશાહી સતત સમૃદ્ધ અને પ્રવૃત્ત થતી રહી છે. ગાંધીજીના નેતૃત્વવાળી કોંગ્રેસ વિવિધ હાથોમાં વહેંચાતી-વહેરાતી હવે વિપક્ષની લાયકાત સુધ્ધાં ગુમાવી બેઠી છે જયારે શ્યામાપ્રસાદ મુખર્જીનો જનસંઘી દીવો ઝંઝાવાતો વચ્ચે ટમટમતો કમળ થઈને ખીલ્યો છે. અટલ બિહારી વાજપેયીએ એને એક ગરિમાપૂર્ણ ઊંચાઈ બક્ષી હતી તો વળી નરેન્દ્ર મોદી અને અમિત શાહની ગુજરાતી બેલડીએ એને વિશ્વની સૌથી વધુ સભ્યસંખ્યા ધરાતવી રાજકીય પાર્ટીમાં ફેરવી દીધેલ છે. મોદી એક પછી એક આકર્ષક અને લોકલુભાવન કાર્યક્રમો આપતા રહે છે. ગાંધીજીએ કયારેક સફાઈ ઝુંબેશ ચલાવી હતી તેમ મોદીએ સ્વચ્છતા કાર્યક્રમ આપ્યો હતો. ગાંધીજીએ ૧૯૪૨માં 'અંગ્રેજો, ભારત છોડો' - ક્વિટ ઈંડિયા કાર્યક્રમ આપ્યો. મોદીએ દિગ્વિજય કર્યા પછી હમણાં જ 'ફિટ' ઈન્ડિયા કાર્યક્રમ આપ્યો છે ! અલબત્ત એમને હજી ભારતને આર્થિક બેહાલીમાંથી ઉગારવા માટે ઘણી કસરત કરવી પડે એમ છે.

# દીનદયાળું કૃપાળું રામા





## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

ભાદરવા મહિનાનીસુદ એકમથી નોમ સુધી રામાપીરનું વ્રત થાય છે. રાજસ્થાનમાં તેનો વિશેષ મહિમા છે. ઉપવાસ રાખવાના નવમે દિવસે નેજા નીકળે. એવી માન્યતા શ્રદ્ધાળુઓમાં છે કે આનાથી કોઈ પણ પ્રકારની પીડા દૂર થાય છે. ભય સામે રક્ષણ મળે છે, આંતરિક અને બાહ્ય શત્રુઓનો નાશ થાય છે.

શ્રી રામદેવ ચાલીસામાં ૪૭ ચોપાઈઓ છે. શરૂઆતમાં અને અંતે દોહરો છે. આમાં રામદે પીર રાજાનો મહિમા છે. રચયિતાએ પોતાનું નામ ચાલીસાને અંતે આપ્યું નથી.

(૧) આરંભનો દોહરો :
વંદો પ્રભુ શ્રી રામદેવ કે, ચરણકલમ ચિત્ત લાય,
અર્થ ધર્મ પ્રદ, મોક્ષફલ, બિનુ પ્રયાસ મિલ જાય.

(૨) અંતનો દોહરો :
જિન પર પ્રભુ કરુણા કરી, રંગ બનાયે રાય,
થોડી સેવા રીઝતે, કોમલ સરલ સુભાય.

(૩) કૌટુંબિક પરિચય -
જય અજમલ સુત, જય સુખધામા, ભવસાગર હિત, બોહિતનામા.
જય મેણાંદે કે દેગતારે, જય જય નેતલ પ્રાણપિયારે. (૧-૨)
દગતારે = આંખની કીકી

(૪) જન્મ -
ચૌદહ સો ઈકસઠ, શનિવારા, ભાદોં દૂજ શુક્લ પખવારા.
લિયો દ્વારકા પતિ અવતારા, પ્રગટે હરણભૂમિ ભયહારણ. (૩-૪)
શ્રીકૃષ્ણના અવતારી પુરુષનો જન્મ વિ. સં. ૧૪૬૧ (ઈ.સ. ૧૪૦૫) ભાદરવા સુધ બીજે શનિવારે રાજસ્થાનમાં થયો હતો.

(૫) ધન્ય પોકરણ પાવનધામા, ખેલે જહાં સ્વયં શ્રીરામા (૮)

(૬) ગુરુને શરણે -
શ્રી ગુરુ બાલીનાથ બનાયે, જિનકંથા નિજ હાથ ઉઠાયે (૧૪)

(૭) ગુરુના અપમાનનો બદલો :
તબ પ્રભુ કિયો વેષ વિકરાલા, ચઢ લીલુડે કર લે ભાલા.
ભૈરવે માયા બહુત દિખાઈ, ચલી ન પ્રભુ સન્મુખ ચતુરાઈ.
ભૈરવ ભીમ કાય વિકરાલા, હનેઉ તુરત પ્રભુ દીનદયાલા.
જય ભક્તન હિત દનુજારી, કૃપા સિંધુ સંતન સુખકીરી. (૧૬-૧૭-૧૮-૧૯)
દનુજારી = દૈત્ય ભૈરવના શત્રુ

(૮) ભક્ત વત્સલ
અલખ નિરંજન નેજાધારી, કિયે દૂર ભક્તન દુઃખ ભારી.
દીન દયાલુ કૃપાલુ રામા, કરે ભક્ત કે પૂરણ કામા (૪૧-૪૨)

(૯) ફળપાઠ
જો નિત ઉઠ ચાલીસા ગાવે, તાકે પ્રભુ સબ કામ બનાવે.
જો ઈચ્છા મનમેં જબ લાવે, પ્રભુ કી કૃપા સફળતા પાવે.
આધિ-વ્યાધિ સબ સંકટ હારી, પ્રભુ કા નામ સદા સુખકારી (૪૫-૪૬-૪૭)

ભાદરવા મહિનાની સુદ બીજ રાજા રામદેવપીરની જન્મજયંતિ છે. એમણે 'પીડા હરે એ પીર' ઉક્તિને સાર્થક કરી છે. લાખો બણજારો, પાંચ પીર, સુગના બાઈ, દલા શેઠ વગેરેને શરણ આપ્યા છે, એમની આપત્તિઓને દૂર કરી છે. 'તુમ કલિયુગ કે પ્રત્યક્ષ દેવા (૪૩)'ને શ્રદ્ધાસુમનની અંજલિ.

(આધાર - ચાલીસા સંગ્રહ)

# કયા ગુજરાતી કવિએ દાંડીકૂચમાં ભાગ લીધો હતો ?



## ખજાનો

અનિલ પટેલ

### સ્વતંત્રતા સંગ્રામનો ઈતિહાસ

૧ ભારતને પ્રાંતીય સ્વાધીનતા કયારે મળી ?
(અ) ઈ.સ. ૧૯૨૦ (બ) ઈ.સ. ૧૯૩૦
(ક) ઈ.સ. ૧૯૩૫ (ડ) ઈ.સ. ૧૯૪૨

૨ ગુજરાતી 'ગદર'નું સંપાદન કોણે કર્યું હતું ?
(અ) છગન ખેરોજ (બ) કાકાસાહેબ કાલેલકર
(ક) વિનોબા ભાવે (ડ) નારાયણ દેસાઈ

૩ ઈ.સ. ૧૯૨૯ના લાહોર-કોંગ્રેસ અધિવેશનનું અધ્યક્ષસ્થાને કોણે શોભાવ્યું હતું ?
(અ) ગાંધીજી (બ) જવાહરલાલ નહેરુ
(ક) ગોપાલકૃષ્ણ ગોખલે (ડ) સરદાર પટેલ

૪ ચંપારણ સત્યાગ્રહ કઈ સાલમાં થયો હતો ?
(અ) ઈ.સ. ૧૯૦૫ (બ) ઈ.સ. ૧૯૧૧
(ક) ઈ.સ. ૧૯૧૭ (ડ) ઈ.સ. ૧૯૨૦

૫ 'કરેંગે યા મરેંગે' નો નારો કોણે આપ્યો હતો ?
(અ) સુભાષચંદ્ર બોઝે (બ) ભગતસિંહ
(ક) સાવરકરે (ડ) ગાંધીજીએ

૬ ટીપુ સુલતાનને કયું બિરુદ આપવામાં આવ્યું હતું ?
(અ) મૈસુરના વાઘ (બ) મૈસુર નરેશ
(ક) મૈસુરના સાવજ (ડ) મૈસુરના તારણહાર

૭ મોન્ટેગ્યુ ચેમ્સ્ફર્ડ સુદારા કયારથી અમલમાં આવ્યા ?
(અ) ૧૯૧૫ (બ) ૧૯૧૭
(ક) ૧૯૧૯ (ડ) ૧૯૨૫

૮ કૂકા આંદોલન કોના નેતૃત્વમાં થયું હતું ?
(અ) કદમસિંહ (બ) શામળદાસ ગાંધી
(ક) અલી મૂલસીયાર (ડ) ભાઈ રામસિંહ

૯ સાનફ્રાન્સીસ્કોમાં ગદર ચળવળ સાથે જોડાયેલા ગુજરાતી ક્રાંતિવીરનું નામ શું છે ?
(અ) છગન ખેરોજ વર્મા (બ) અરવિંદ ઘોષ
(ક) શ્યામજી કૃષ્ણવર્મા (ડ) વીરભગતસિંહ

૧૦ કયા ગુજરાતી કવિએ દાંડીકૂચમાં ભાગ લીધો હતો ?
(અ) પન્નાલાલ પટેલ (બ) ક.મા. મુનશી
(ક) કૃષ્ણલાલ શ્રીધરાણી (ડ) નરસિંહ દીવેટીયા

૧૧ નાગપુર ઝંડા સત્યાગ્રહમાં કયા ગુજરાતી તબીબે મહત્વની ભૂમિકા અદા કરી હતી ?
(અ) ડૉ. દિવાન સિંગ (બ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(ક) ડૉ. મુક્તાર અહેમદ (ડ) ડૉ. ચંદુલાલ દેસાઈ

૧૨ કામાગાટા મારુ જહાજની ઘટના કયારે બની હતી ?
(અ) ૧૯૧૦ (બ) ૧૯૧૪
(ક) ૧૯૧૯ (ડ) ૧૯૨૦

૧૩ ભારતનો પ્રથમ વાઈસરોય કોણ હતો ?
(અ) લોર્ડ કેનીંગ (બ) લોર્ડ હેરીંગ્ટન
(ક) લોર્ડ કર્ઝન (ડ) લોર્ડ માઉન્ટ બેટન

૧૪ ભારતીય પુનર્જાગરણના પિતા તરીકે કોણ ઓળખાય છે ?
(અ) દયાનંદ સરસ્વતી (બ) વિવેકાનંદ સ્વામી
(ક) રાજારામ મોહનરાય (ડ) મહર્ષિ અરવિંદ

૧૫ ભારતમાં હોમરૂલ આંદોલનની શરુઆત કોણે કરી હતી ?
(અ) મધર ટેરેસા (બ) સરોજની નાયડુ
(ક) સિસ્ટર નિવેદિતા (ડ) એની બેસન્ટ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૩૦ ઓગસ્ટ : લઘુ ઉદ્યોગ દિવસ**
  - માત્ર ૧૪ વર્ષની નાની વયે અવસાન પામેલા એવા લોકપ્રિય મશહૂર ગીતકાર શૈલેન્દ્રનો જન્મદિવસ (૧૯૨૧)
  - ગુરુ રામદાસ ચોથા શીખગુરુ બન્યા (૧૫૭૪)
  - નર્મદાશંકર પંડ્યાની જન્મજયંતિ (૧૮૯૩)
  - સાહિત્યકાર નગીનદાસ પારેખની જન્મજયંતિ (૧૯૦૩)
- **૩૧ ઓગષ્ટ :**
  - ગુજરાતી ભાષાની અનન્ય સેવા કરનાર અંગ્રેજ સાહિત્યકાર ફાર્બસ સાહેબનું નિધન (૧૮૬૫)
  - શિશુ કેળવણીનો પાયો નાખનાર ડૉ. મારીયા મોન્ટેસરીની જન્મજયંતિ (૧૮૭૦)
  - હાસ્યના સાહિત્યકાર બકુલ ત્રિપાઠીનું નિધન (૨૦૦૬)
  - સાહિત્યકાર અમૃતા પ્રિતમની જન્મજયંતિ (૧૯૧૯)
- **૧ સપ્ટેમ્બર :જીવનવીમા નિગમ દિવસ / આઈઓસીનો સ્થાપના દિવસ**
  - વેડછીના વલડાનું બિરુદ મેળવનાર અને સ્વતંત્રતા આંદોલનનાં સેનાની એવા જુગતરામ દવેની પુણ્યતિથિ (૧૯૮૫)
  - લોકસભાના પૂર્વ અધ્યક્ષ પી.એ. સંગમાનો જન્મદિવસ (૧૯૪૭)
  - ગુજરાતી ગઝલ ક્ષેત્રે નૂતન કેડી કંડારનાર 'અમર' પાલનપુરીની જન્મજયંતિ (૧૯૩૫)
  - સોવિયેત સંઘે અણુ પરિક્ષણ કર્યું (૧૯૬૧)
- **૨ સપ્ટેમ્બર :**
  - ગોંડલના મહારાજા ભગતસિંહના 'રાજવૈદ્ય' થતા ગોંડલ ભૂવનેશ્વરી પીઠના સ્થાપક જીવરામ શાસ્ત્રીજીની પુણ્યતિથિ (૧૯૭૮)
  - હેલીકોપ્ટર દુર્ઘટનામાં આંધ્રના પૂર્વ મુખ્યમંત્રી વાય.એસ. રાજશેખર રેડ્ડીનું અવસાન (૨૦૦૯)
  - બાળ કેળવણીના પ્રખર હિમાયતી ચિંતક અને લેખક તારાબેન મોડકની પુણ્યતિથિ (૧૯૭૩)
  - નાની ઉંમરે ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦ વિકેટ ઝડપનાર વિશ્વમાં ચોથા બોલર ઈશાંતનો જન્મદિવસ (૧૯૮૮)
- **૩ સપ્ટેમ્બર :**
  - જાણીતા સાહિત્યકાર નરસિંહરાવ દીવેટીયાનો જન્મદિવસ (૧૮૫૯)
  - ભારતીય મૂળની લેખિકા 'બુકર પ્રાઈઝ' વિજેતા કિરણ દેસાઈનો જન્મદિવસ (૧૯૭૧)
  - સુરેશ જોષીની પુણ્યતિથિ (૧૯૮૬)
  - ફિલ્મ અભિનેતા વિવેક ઓબેરોયનો જન્મદિવસ (૧૯૭૬)
- **૪ સપ્ટેમ્બર :**
  - ચુનીલાલ આશારામ ભાવસાર 'પૂજ્ય મોટા'નો જન્મદિવસ (૧૮૯૮)
  - 'જેગુઆર' કંપનીના સ્થાપક વિલિયમ લિઓન્સનો જન્મદિવસ
  - 'હિન્દના દાદા' દાદાભાઈ નવરોજીની જન્મજયંતિ (૧૮૨૫)
  - અભિનેતા ઋષિકપૂરનો જન્મદિવસ (૧૯૫૨)
- **૫ સપ્ટેમ્બર : શિક્ષક દિન**
  - ભારતના દ્વિતીય રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનો જન્મદિવસ (૧૮૮૮)
  - 'વિક્રમ ઔર વેતાલ' અને 'લાપતાગંજ' જેવી યાદગાર સિરિયલના રચયિતા અને સાહિત્યકાર શરદ જોષીનું નિધન (૧૯૯૧)
  - ભારતીય ક્રિકેટના બેસ્ટ લેફ્ટ આર્મ સ્પિનર પ્રજ્ઞાન ઓઝાનો જન્મદિવસ (૧૯૮૬)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**ચંદ્રયાન મોડ્યુલને ચંદ્રની ધરતી પર ઉતારનાર લેન્ડરનું નામ શું રાખવામાં આવ્યું છે ? જવાબ : 'વિક્રમ લેન્ડર'**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૫) મહેશ એચ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૬) આકાશ જી. પટેલ : સરગાસણ

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**તાજેતરમાં કયા પૂર્વ નાણામંત્રીની ભ્રષ્ટાચાર મુદ્દે ધરપકડ થઈ છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# આપણા તહેવારો : રાંધેજા... ખાયેજા ને સો...જા...



## હળવે હૈયે

પ્રકાશ લાલા

સામેથી ધીરે પગલે, મંથર ગતિએ આવી રહેલા લાલાકાકાને જોઈ, અમે એમને ઊભા રાખી પૂછ્યું : 'અંકલ, કયાં દેવાલયે જઈ આવ્યા ? બાલકૃષ્ણને પારણિયે ઝૂલાવી આવ્યા કે દેવોના દેવ મહાદેવજીને મળી આવ્યા ?'

'દેવાલય નહીં, પનુભાઈ, દવાલયમાં જઈ આવ્યો છું !'

'હેં ?'

'એટલે કે દવાખાને જઈને આવું છું,' ઢીલા પડી ગયેલા રેડ અંકલે ઢીલા અવાજે કહ્યું.

'દવાખાને ? કેમ ?'

'ડૉકટરને, 'જયશ્રી કૃષ્ણ'ને 'હર મહાદેવ' કહેવા !!' કાકા ચિડાઈને સ્હેજ ઊંચા અવાજે બોલ્યા : 'પનુભાઈ, તમેય યાર, કેવું પૂછો છો ! માણસ દવાખાને - ડૉકટર પાસે દવા લેવા જ જાય ને!'

'સૉરી અંકલ...' અમે સહાનુભૂતિથી પૂછ્યું...

'મારી ને તારી કાકીની દવા લેવા ગયો હતો.'

'શું થયું તમને બંનેને ?' અમને કાકા-કાકીની તબિયત સારી હોવાનું જાણી ચિંતા થઈ...

'આ તારી અંકલી - સૉરી કાકી રાંધણછટ્ઠે રાંધી રાંધીને ટેં થઈ ગયેલી... થાકથી તાવ આવી ગયેલો... ને મને ટાઢી સાતમે તારી કાકીએ રાંધેલ પૂરી-દૂધપાક, થેપલાં ને વડાં, પાતરાં ને હાંડવો એવું બધું જરા વધારે પડતું ખવાઈ જવાથી પેટમાં ગરબડ થઈ ગઈ છે...' રેડ અંકલે એમનાં ફેમિલીનું હેલ્થ બુલેટિન જાહેર કર્યું...

'પનુભાઈ, બે દા'ડા તો અમે ઘરઘથ્થુ ઉપચાર કરી જોયા પણ હજી બેયનું ઠેકાણું પડતું નથી એટલે ના છૂટકે દવાલય - દવાખાને જવું પડ્યું...'

'એ સારું કર્યું, કાકા... ચોક્કસ ઈલાજ થઈ જાય ને !' અમે અંકલને સારું લાગે એટલે કહ્યું...

ત્યાં તો લાલાકાકા રાતાપીળા થઈને તાડૂક્યા : 'અલ્યા ભઈ, આપણા આ તહેવારોથી તો તોબા !! પહેલાં 'રાંધે જા, પછી 'ખા(યે) જા' ને છેવટે માંદા પડીને 'સોજા...' !!'

અંકલના શ્રીમુખેથી ગાંધીનગર પાસે આવેલાં ગામોનાં નામોને આ રીતે રાંધણ છઠ્ઠને શિતળા સાતમ સાથે જોડાયેલાં જોઈ અમને મજા પડી ને હસી પડાયું... એ જોઈ લાલાકાકા બગડ્યા : 'આમાં હસવાની વાત નથી, પનુભાઈ...'

'અંકલ, આપણી તબિયત બગડે એમાં તહેવારોનો શું વાંક ? તહેવારો તો આવે ને જાય... એની પરંપરા મુજબ સૌ ઊજવે પણ આપણને અનુકૂળ ન હોય તો કોઈ કહેતું નથી કે રાંધણ છઠ્ઠે થતું ના હોય તો ય ઢગલાબંધ રાંધો જ અને પચતું ના હોય તોય શિતળા સાતમે ઠંડુ ઠાંસી ઠાંસીને ઝાપટો, શું ?'

અમારા અણધાર્યા એટેકથી રેડ અંકલ પહેલાં તો ડઘાઈ જ ગયા. પછી સ્વસ્થ થઈને કહે : 'એવું નથી પણ યાર, તમારી કાકીએ બહુ મહેનત કરીને, પ્રેમથી બનાવ્યું હોય તો ખાવું તો પડે જ ને ? શું કહો છો ?'

'અંકલ, ટાઢી સાતમે તમે બીજાને ઘરે જઈને બધી વાનગીઓ પર તૂટી પડતા હોત તો બરાબર પણ અહીં તો પેટે ય પારકું નહોતું ને ખાવાનું ય તમારા પોતાના ઘરનું જ હતું... જરા...'

'શું કહ્યું, પનુભાઈ ?' અમે ધીરેથી કરેલી કોમેન્ટ કદાચ નહીં સાંભળી હોય એટલે લાલાકાકાએ પૂછ્યું...

'કંઈ નહીં... એ તો એમ કહેતો હતો કે હવે ઉંમર થઈ એટલે ખાવા-પીવામાં ધ્યાન રાખવું જોઈએ...' અમે વાત ફેરવી કાઢતાં કહ્યું.

'હં... રાઈટ.... પણ મને થાય છે કે આ તહેવારોની ઊજવણી માટે ભગવાને સરક્યુલર બહાર પાડીને જણાવ્યું છે કે નાગ પાંચમે ખાજાં જ ખાજો ને કુલેર ખાજો... રાંધણ છઠ્ઠે આવું આવું બનાવજો, સાતમે ઠંડુ જ ખાજો, હેં ?'

'કાકા, ભગવાને તો જે તે તહેવારો ભજન-સત્સંગ કરીને જ ઊજવવા કહ્યું છે પણ માનવ સ્વભાવ કેટલું ક 'આગે સે ચલી આતી હૈ' મુજબ, પરંપરાગત કરે છે, કેટલું ક આયુર્વેદની દૃષ્ટિએ ઋતુકાળ માટે ગોઠવાયેલું હોય છે... એમાં પછી નીત નવું ઈચ્છતા લોકો કંઈક અવનવું ઉમેરતા રહે છે, 'રેડી ટુ ઈટ' ના જમાનામાં વેપારીઓ ભાત-ભાતની ફોટા જોઈને આકર્ષણ થાય ને મોંમાં પાણી આવે એવી અને 'આટલું સરસ મળે છે પછી નકામી ઘરે કડાકૂડ કરવી' એવી ધારદાર દલીલ સૂઝાડતી વાનગીઓ વેચે છે... આમ તહેવારોની ઊજવણીમાં સારું-ખોટું ઉમેરાતું આવે છે... પણ સો વાતની એક વાત કે આપણી શારીરિક સ્થિતિ પ્રમાણે આપણે ભાવથી તહેવાર ઊજવીએ એમાં પ્રભુ રાજી જ રહે છે...'

'હા, પનુભાઈ, હોં... તમારી વાત સો ટકા સાચી છે... હવે તમારી કાકીની ઉંમર થઈ તો એણે બધું બનાવવાની ને મારે ચટાકા કરવાની મમત ત્યજવી જોઈએ જ...'

'હા... અંકલ, ઘરે આજે માલપુડા બનાવ્યા છે પણ તમને પેટમાં...'

'ના રે, પનુભાઈ મને પેટમાં હવે સારું છે...' અમને વચ્ચે જ અટકાવી રેડ અંકલે રંગમાં આવી જઈ કહ્યું : 'આ દવા તમારી કાકીને આપીને પહોંચ્યો તમારે ઘરે... તમે પ્રેમથી માલપુડા ખાવા નિમંત્રણો ને હું ના પાડી દઉં તો તમને અપમાન ના લાગે !!'

'હેં ?'